# Visit of the Hon'ble Vice President of India Shri Jagdeep Dhankhar to Qatar, November 20-21, 2022

# ભારતનાં માનનિય ઉપ રાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખરની કતારની મુલાકાત, 20-21 નવેમ્બર, 2022

18 નવેમ્બર, 2022

કતામરનાં અમિર મહામહિમ શેખ તમિમ બિન હમાદ અલ થાનીનાં આમંત્રણ પર, ભારતનાં માનનિય ઉપ રાષ્ટ્રપતિ 20-21 નવેમ્બરમનાં રોજ કતારની અધિકૃત મુલાકાત લેશે અને ફિફા વિશ્વ કપ 2022 નાં ઉદ્ઘાટનમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

2. ભારત અને કતાર વ્યાપાર, ઊર્જા, સુરક્ષા, સંરક્ષણ, આરોગ્ય, સંસ્કૃતિ, શિક્ષણ અને અન્ય ક્ષેત્રોમાં બહુઆયામી ભાગીદારી ધરાવવા સાથે નિકટનાં અને મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે. અંતિમ નાણાકીય વર્ષમાં દ્વિપક્ષીય વ્યાપાર 15 બિલિયન યુએસ ડોલર કરતા વધારે રહ્યો હતો. કતાર ભારતની ઊર્જા સુરક્ષામાં મહત્વપૂર્ણ ભાગીદાર છે અને ભારત કતારની અન્ન સુરક્ષામાં ભાગ લે છે. આગામી વર્ષે, બન્ને દેશો સંપૂર્ણ રાજદ્વારી સંબંધોની સ્થાપનાનાં 50 વર્ષની ઉજવણી કરશે.

3. કતારમાં 840,000 કરતા વધારે ભારતીયો રહેવા સાથે લોકોનાં પરસ્પરનાં જોડાણો દ્વિપક્ષીય સંબંધનાં મહત્વનાં ઘટકની રચના કરે છે. તેઓની મુલાકાત દરમિયાન, 20 નવેમ્બર નાં રોજ ઉદ્ઘાટન સમારોહમાં હાજરી આપવા ઉપરાંત, માનનિય ઉપ રાષ્ટ્રપતિ ભારતીય સમુદાયનાં સભ્યો સાથે પણ સંવાદ કરશે.

4. માનનિય ઉપ રાષ્ટ્રપતિની મુલાકાત કતાર મોટી ખેલકૂદની ઈવેન્ટનું યજમાન બની રહ્યું છે ત્યારે નિકટનાં અને મૈત્રીપૂર્ણ દેશ કતાર સાથે જોડાવાની અને આ વિશ્વ કપમાં ભારતીયો દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકા અને પ્રદાન કરવામાં આવેલા સમર્થને પણ સત્કારવાની તક હશે.

**નવી દિલ્હી**
**18 નવેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.